1. અમેરિકાના કયા નૌકામથક પર જાપાને બોમ્બ ફેંક્યો હતો?

- 7 ડિસેમ્બર, 1941ના રોજ જાપાને અમેરિકાના હવાઈ ટાપુ પર્લ હાર્બરના નૌકામથક પર બોમ્બ ફેંક્યો હતો.

2. અમેરિકાએ જાપાનનાં કયાં શહેરો પર અણુબોમ્બ ફેંક્યા હતા?

- અમેરિકાએ જાપાનના હિરોશીમા (6 ઓગસ્ટ, 1945) અને નાગાસાકી (7 ઓગસ્ટ, 1945) નામના બે શહેરો પર અણુબોમ્બ ફેક્યા હતા.

3. ''આટલાંટિક ખતપત્ર'' કોની વચ્ચે લખાયો?

- અમેરિકન પ્રમુખ અને ઇંગ્લેન્ડના વડા વચ્ચે આટલાન્ટિક મહાસાગરમાં એક યુધ્ધ જહાજ પરની મુલાકાત ને અંતે ''આટલાંટિક ખતપત્ર'' લખાયો.

4. મિત્રસેના ને રોકવા માટે હિટલરે ઇંગ્લેન્ડ પર કેવું આક્રમણ કર્યું?

- મિત્રસેના ને રોકવા માટે હિટલરે ઇંગ્લેન્ડ પર ભયંકર આક્રમણ કર્યું એકલા લંડન પર કલાકના 500 માઈલની ઝડપે બે હજાર જેટલા બોમ્બો અને દોઢસો માઈલ દૂરથી રોકેટનો મારો ચલાવ્યો.

5. અમેરિકન રાષ્ટ્રપતિ એફ.ડી.રૂઝવેલ્ટે વિશ્વશાંતિ માટે કઈ ઘોષણા કરી ?

- અમેરિકન રાષ્ટ્રપતિ એફ.ડી.રૂઝવેલ્ટે વિશ્વશાંતિ માટે વિચારસ્વાતંત્ર્યતા, વાણી સ્વાતંત્ર્યતા, ધર્મ સ્વાતંત્રતા, જરૂરિયાતો માંથી મુક્તિ અને ભયમાંથી મુક્તિ ની ઘોષણા કરી.

6. સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય છ અંગો કયાં છે ?

- સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય છ અંગો (1) સામાન્ય સભા (2) સલામતી સમિતિ (3) આર્થિક અને સામાજિક સમિતિ (4) વાલી સમિતિ (5)આંતરરાષ્ટ્રીય અદાલત અને (6) સચિવાલય,

7. આંતરરાષ્ટ્રીય અદાલતમાં કેટલા ન્યાયમૂર્તિઓ હોય છે?

- આંતરરાષ્ટ્રીય અદાલતમાં 15 ન્યાયમૂર્તિઓ હોય છે. તેમની પસંદગી 9 વર્ષ માટે સામાન્ય સભા તથા સલામતી સમિતિ કરે છે.

8. વિશ્વયુદ્ધ પૂરું થતાં કયા રાષ્ટ્રો અમેરિકાના પક્ષે હતાં?

- વિશ્વયુદ્ધ પૂરું થતાં ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, પશ્ચિમી જર્મની, બેલ્જિયમ, ઈજિપ્ત, ફોર્મોસા, ઈઝરાયલ, શ્રીલંકા, મ્યાનમાર, વેસ્ટ ઈન્ડિઝના ટાપુઓ અમેરિકાના પક્ષે હતા.